ગાંધીનગર સમાચાર

જિલ્લામાં વકરતો રોગચાળો એક જ દિવસમાં કમળાના ૧૪ કેસ

ગાંધી જયંતિએ સ્વચ્છતા માટે ૬૦ મિનિટ કાર્યક્રમ

એક કલાકના મેઘા કાર્યક્રમમાં રાજ્યના સવા કરોડ લોકોને જોડીને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડનો લક્ષ્યાંક

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં અગામી તા. ૨૫ સપ્ટેમ્બર-૨૦૧૬થી તા.૨ ઓક્ટોબર-૨૦૧૬ દરમિયાન યોજાનાર સ્વચ્છતા સામાજિક સમરસતા સપ્તાહના ભાગરૂપે ૨જી ઓક્ટોબર એટલે કે, ગાંધી જયંતિ નિમિત્તે યોજાનાર સંપૂર્ણ સફાઈ સ્વચ્છતાની ૬૦ મીનિટ સવારે ૯થી ૧૦ એક કલાકના મેગા કાર્યક્રમમાં રાજયના સવા કરોડ લોકોને જોડીને ગ્રિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં મહત્તમ નોંધણીનો લક્ષ્યાંક નક્કી કરાયો છે, તેમ આજે ગાંધીનગર ખાતે સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહને સફળ બનાવવા માટે વિવિધ ક્ષેત્રોના કલાકારો પ્રતિનિધિઓની મળેલી બેઠકમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. આ બેઠકમાં પંચાયત,. ગ્રામવિકાસ મંત્રી જયંતિભાઈ કવાડિયાએ પણ ખાસ ઉપસ્થિત રહીને સ્વચ્છતા અંગે સુચનો કર્યા હતા. મંત્રી ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતું કે, સ્વચ્છતા માત્ર એક દિવસ માટે નહીં પણ તે લોકો સમાજનો સ્વભાવ બનવો જોઈએ. સમાજમાં સ્વચ્છતા સામાજિક સમરસતા અંગે જાગૃતિ આવે તેવા

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાકક્ષાની પેરા ઓલમ્પિકમાં સોનીપુરની દિવ્યાંગ બાળા વિજેતા બની

ગાંધીનગર, તા. ૨૧

શિક્ષણ વિભાગ દ્વારા દર ચાર વર્ષે દિવ્યાંગ બાળકો માટે યોજાતા પેરા ઓલમ્પિકની જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ગાંધીનગર તાલુકાની સોનીપુર પ્રા. શાળાની પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિની હંસાબેન ઠાકોર ૫૦ મીટર દોડમાં પ્રથમ આવતાં તેને એક મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

હંસા ઠાકોરની આ સિદ્ધિને તા.પ્રા. શાસનાધિકારી સંજયભાઈ પરમારે વધાવી અભિનંદન આપતા જણાવ્યું હતું કે ઈચ્છાશક્તિનો વિજય છે. આ બાબત સોનીપુર ગામ તેની બાળાની આ સિદ્ધિ માટે ગૌરવ અનુભવે છે.

જિલ્લાની ૧૯૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદારયાદી પ્રસિદ્ધ

માણસાની ૨૪, કલોલની ૧૬, ગાંધીનગરની ૬૯ અને દહેગામની ૮૬ ગ્રામ પંચાયતોની ડિસેમ્બરમાં ચૂંટણી

ગાંધીનગર, તા. ૨૧

આગામી ડિસેમ્બરમાં જિલ્લાની ૧૯૫ ગ્રામ પંચાયતની મુદત પૂર્ણ થઈ રહી હોવાથી આ અંગેની મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવી છે.

મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ સાથે મતદારયાદી અંગેના વાંધા-સૂચનો માંગવામાં આવ્યા છે. પંચ દ્વારા મતદારયાદી ફોટા સાથે ૨૫મી ઓક્ટો.ના રોજ આખરી કરી દેવામાં આવશે.

જિલ્લામાં આવી રહેલી પંચાયતોની ચૂંટણીને પગલે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી પક્ષીય ધોરણે લડાતી નથી પરંતુ આ માટે ગામેગામ ખાટલા પરિષદો અને જો તો ની ચર્ચાઓની શરૂઆત થઈ ચુકી છે.

જિલ્લામાં જે ૧૯૫ ગ્રામ પંચાયતોની મુદત ડિસેમ્બરમાં પૂર્ણ થઈ રહી છે તેમાં સાદરા ગ્રામ પંચાયતનું વિભાજન થતાં આ સંખ્યામાં વધારો થયો છે. આમ તો ૧૯૫ ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે. સાદરામાં અને સાદરાથી છુટી પડેલ મોતીપુરા ગ્રામ પંચાયતમાં હાલ વહીવટદાર નિમાયેલા છે તે નોંધનીય છે.

જિલ્લામાં જે પંચાયતોની ચૂંટણી યોજાવાની છે તેમાં માણસા તાલુકાની ૨૪, કલોલની ૧૬, ગાંધીનગરની ૬૯ અને દહેગામની ૮૬ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.

પંચાયતોની યોજાનારી આ ચૂંટણી માટે કલેક્ટર કચેરીમાં બે નાયબ મામલતદાર અને ૨ કારકુન કમ ટાઈપીસ્ટની જગ્યાઓ પણ મંજૂર કરી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ જગ્યાઓ મંજૂર કરવામાં આવી હોવાની વિધિવત્ જાણ પણ જિલ્લા તંત્રને કરી દેવામાં આવી છે.

દરમ્યાન પંચાયતોની આ ચૂંટણી રાજ્યમાં બે તબક્કે યોજવામાં આવશે. પ્રથમ તબક્કામાં કચ્છ-સૌરાષ્ટ્રનો સમાવેશ થાય છે જ્યારે બીજા તબક્કામાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દ. ગુજરાતનો સમાવેશ થાય છે.

પંચના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ચૂંટણીઓ નિયત સમયે જ યોજવામાં આવશે. આ

સમગ્ર શહેરમાં ૨૪મીએ પાણી પુરવઠો બંધ રહેશે

ચરેડી તેમજ સરીતા વોટર વર્કસ ખાતે સફાઈ અને સમારકામ હાથ ધરાશે : ૨૫મીથી રાબેતા મુજબ પુરવઠો અપાશે

ગાંધીનગર, તા.૨૧

ચરેડી તેમજ સરીતા ઉદ્યાનના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આગામી તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ સમગ્ર શહેરમાં પાણી પુરવઠો બંધ રહેશે. આ દરમિયાન ચરેડીની લાઈનમાં લીકેજીસ પણ નિવારવામાં આવશે.

સમગ્ર શહેરમાં પાણી પુરવઠાનું વિતરણ ચરેડી તેમજ સરીતા વોટર વર્કસ ખાતેથી કરવામાં આવે છે. વર્ષો પૂર્વે જૂના અને નવા સેકટરોમાં અલગ અલગ સમયે પાણી સપ્લાય કરવામાં આવતું હતું પરંતુ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ સમગ્ર શહેરમાં કોમન સપ્લાય આપવામાં આવી રહ્યો છે. થોડા સમય અગાઉ શહેરમાં ડહોળા પાણીની સમસ્યાએ ભરડો લીધો હતો જ્યારે તંત્રના અનેક પ્રયાસોના અંતે આ સમસ્યા નિવારી શકાઈ છે. હાલમાં પણ સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતું હોવાની બૂમ ઉઠવા પામી છે. બીજી તરફ તંત્ર દ્વારા ચરેડી તેમજ સરીતા વોટર વર્કસમાં શુધ્ધિકરણ પ્લાન્ટની સફાઈ કરવાનો નિર્ણય લેવાય છે. જેના પરીણામે આગામી તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ સમગ્ર શહેરમાં પાણી પુરવઠાનો સપ્લાય બંધ રાખવામાં આવશે પાટનગર યોજના વિભાગ-ઉના કાર્યપાલક ઈજનેરના જણાવ્યા મુજબ જરૂરી રીપેરીંગ તેમજ સફાઈ કામગીરીના અંતે તા.૨૫ સપ્ટેમ્બરથી શહેરીજનોને રાબેતા મુજબ પાણી સપ્લાય કરવામાં આવશે. આ વ્યવસ્થાને ધ્યાને લઈ નાગરિકોને સહકાર આપવા પણ અપીલ કરવામાં આવી છે. ચરેડી વોટર વર્કસમાં પાણીની લાઈનમાં પણ લીકેજીસ નિવારણ માટે કામગીરી હાથ ધરાશે.

જિલ્લામાં વકરતો રોગચાળો એક જ દિવસમાં કમળાના ૧૪ કેસ

સે. ૨૯માંથી ડેન્ગ્યુનો પણ કેસ મળી આવ્યો જિલ્લામાં રોગચાળો વકરતાં તંત્રમાં ભારે દોડધામ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં પાણીજન્ય અને વાહકજન્ય રોગના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે એક જ દિવસમાં કમળાના ૧૪ જેટલા કેસ નોંધાયા છે તો ડેન્ગ્યુના પણ ૪ જેટલા કેસ નોંધાયા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૮ દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં કમળાના સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૬ કેસને બહારના દર્દી તરીકે સારવાર આપી જવા દેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ડેન્ગ્યુનો એક કેસ પોઝીટીવ આવ્યો છે તો ગ્રામ્ય વિસ્તારના બે કેસ છે. એક કેસ ગાંધીનગર જિલ્લાની બહારનો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સે. ૨૯માં એક ડેન્ગ્યુ પોઝીટીવ કેસ મળી આવ્યો છે. બિન સત્તાવાર વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૪ પોઝીટીવ કેસ નોંધાયા છે.

ખાનગી લેબોરેટરીઓમાં પણ ડેન્ગ્યુના કેસો મળી રહ્યાનું જાણવા મળેલ છે. જો કે શહેરી મેલેરીયા તંત્ર મચ્છરોની ડેન્સીટી ઘટી રહી હોવાનો દાવો કરી રહેલ છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં જે રીતે પાણીજન્ય રોગચાળાના દર્દીઓ મળી રહ્યા છે તેનાથી આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્ર દ્વારા આ બાબતે જનજાગૃતિ અભિયાન છેડવાની વ્યુહરચના તૈયાર કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

બીજી તરફ જિલ્લામાં પાણીજન્ય રોગચાળો જે રીતે વકરી રહ્યો છે તે ખુબજ ચિંતાનો વિષય છે. ગત સપ્તાહે જે સિવિલમાં કમળાના ૫૩ અને ટાઈફોઈડના ૬ કેસ મળી આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે જે ૧૪ કેસ નોંધાયા છે તે પૈકીના મોટાભાગના ગાંધીનગર તાલુકાના છ જેટલા અને બાકીના અન્ય તાલુકાઓના હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લા પ્રાચીન-અર્વાચીન ગરબા સ્પર્ધામાં પનઘટ અને રાસમાં રાગા પ્રથમ

ગાંધીનગર, તા. ૨૧

આજે ગાંધીનગરના ટાઉનહોલ ખાતે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરીના ઉપક્રમે જિલ્લા રમતગમત અધિકારી દ્વારા જિલ્લાકક્ષાની પ્રાચીન અને અર્વાચીન ગરબા અને રાસ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં પ્રાચીન તથા અર્વાચીન વિભાગમાં ગાંધીનગરની પનઘટ સંસ્થાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જ્યારે રાસમાં રાગા ગૃપ પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યુ હતુ.

દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા પ્રાચીન અને અર્વાચીન ગરબા સ્પર્ધા યોજવામાં આવે છે. આ વર્ષની સ્પર્ધામાં ગાંધીનગરની સુવિખ્યાત પનઘટ સંસ્થાએ પ્રાચીન તથા અર્વાચીન બંને કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ડંકો વગાડી દીધો હતો. પ્રાચીન ગરબા કેટેગરીમાં પનઘટના કચ્છી ગરબાને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયુ હતુ જ્યારે અર્વાચીન કેટેગરીમાં "માડીને મંદિરિયે રણક ઝાલર વાગે"ને પ્રથમ સ્થાન મળ્યું હતું. આ ઉપરાંત રાસ સ્પર્ધામાં રાગા ગૃપને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગરના રાસ-ગરબા ક્ષેત્રે વર્ષોથી સંકળાયેલા તથા રાજ્યભરની અનેક સ્પર્ધાઓમાં નિર્ણાયક રહી ચુકેલા વરિષ્ઠ કલાકાર જગતસિંહ ઝાલા તેમજ શહેરના અનુભવી વરિષ્ઠ મહિલા નિર્ણાયકો મુક્તિબેન વૈષ્ણવ અને દેવિયાનીબેન આચાર્યએ નિર્ણાયક તરીકેની સેવાઓ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે ગાંધીનગર જિલ્લાકક્ષાની રાસ-ગરબા સ્પર્ધાના વિજેતાઓ રાજ્યકક્ષાએ પણ કાઠું કાઢે છે અને વિજેતાક્રમ અચૂક હાંસલ કરે છે. આ વર્ષે પનઘટ સંસ્થા પણ એ પરંપરા જાળવી રાજ્યકક્ષાએ પણ વિજેતા બને તે માટે સંસ્થાના સંચાલક ભાવિક પટેલને ચારેકોરથી અભિનંદન સાથે શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ રહી છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫ મી વર્ષગાંઠ તેની

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક કેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com